મળ્યા તારીખ –૧૫/૧૦/૨૦૨૨
નોંધ્યા તારીખ–૧૫/૧૦/૨૦૨૨
ફૈંસલ તારીખ – ૦૫/૦૩/૨૦૨૫
સમયગાળો – વર્ષ –માસ –દિવસ

મોડાસાના મે.બીજા એડી.સિવિલ જજ (જુ.ડી.)અને જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ શ્રીમતિ પૂજા સુરાણા સાહેબશ્રીની કોર્ટમાં,મું.મોડાસા . જી.અરવલ્લી.

<u>ક્રિમીનલ કેસ નંબર –૧૯૦૪/૨૦૨૨</u>
<u>આંક–</u>

<u>ફરીયાદી</u> :– આદર્શ ટ્રેક્ટર વતી અધિકૃત વ્યકિત તરીકે ,
શકીલ અહેમદ ગુલામનબી મલેક,ઉ.આ.વ.૪૭
ધર્મે: મુસ્લીમ,ધંધો:નોકરી,રહે.માઝુમ નદીના પુલ પાસે,
મોડાસા, તા.મોડાસા,જી.અરવલ્લી.

––– વિ રૂ ધ્ધ –––

<u>આરોપીઓ</u> નં.(૧) પરમાર રમણભાઈ બાદરજી ઉર્ફે બાદરભાઈ,ઉ.આ.વ.૫૦
ધર્મે: હિન્દુ, ધંધો:ખેતી,
(૨) પરમાર કાંતીભાઈ બાદરજી,ઉ.આ.વ. ૫૫
ધર્મે: હિન્દુ, ધંધો:ખેતી,
બંનેનુ રહે.મુ.પો.ખડોદા,તા.મોડાસા, જી.અરવલ્લી.

<u>બાબત</u> :<u>ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટનીકલમ : ૧૩૮ ની જોગવાઈ મુજબની ફરિયાદ.</u>

ફરીયાદપક્ષ તરફેના વિ.વકીલ શ્રી વી.જે.પટેલ
આરોપીઓ તરફે વિ.વકીલ શ્રી વી.એન.સોની

–: ચુ કા દો :–

(૧) આ કામે ફરીયાદ પક્ષનાં કેસની ટૂંકમાં હકીકત એવી છે કે,

ફરીયાદી મોડાસા મુકામે આદર્શ ટ્રેકટરના નામથી ટ્રેકટર તથા રોટાવેટર વેચાણ કરવાનો ધંધો કરે છે .આરોપી નં.૧ એ આરોપી નં.ર ના ભાઈ થાય છે. આ કામના આરોપી નં.ર નાઓએ નવુ ટ્રેકટર ખરીદેલ અને ખરીદ કીમત પેટે આરોપી નં.ર પાસે રૂા. ૧,૨૫,૦૦૦/– ફરીયાદીના બાકી નીકળતા હોય તે રકમની માગણી કરતાં આરોપી નં.ર વતી આરોપી નં.૧ નાએ બાકી નીકળતી રકમની જવાબદારી અદા કરવા રૂા. ૧,૨૫,૦૦૦ /– નો ફરીયાદી સંસ્થાને તા. ૨૪–૦૮–૨૦૨૨ ના રોજનો ધી સાબરકાંઠા જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. મોડાસા શાખાનો ચેક નં. ૦૩૦૦૦૯ નો ચેકમાં તમામ વિગતો ભરી સહી કરી આપેલો. બાદમાં તા. ૨૪/૦૮/૨૨ ના રોજ યુનીયન બેંક ઓફ ઈન્ડિયા,મોડાસા શાખામાં ફરીયાદીએ તેમના ખાતામાં સદર ચેક કલીયરન્સ માટે રજૂ કરતાં સદર ચેક આરોપીના ખાતામાં જતાં સદર ચેક મુજબની રકમ આરોપીના ખાતામાં ન હોય સદર ચેક ફંડસ ઈનસફીસીયનટના શેરા સહીત તા.૨૬/૦૮/૨૨ ના રોજ મેમા સહીત પરત ફરેલ.જેથી ફરીયાદીએ તેમના વકીલશ્રી મારફતે તા. ૦૫/૦૯/૨૦૨૨ ના રોજ રજી.પો.એ.ડી.થી આરોપીને આ અંગે નોટીસ આપેલ છે.જે આરોપીઓને સદર નોટીસની બજવણી તા.૦૭/૦૯/૨૦૨૨ ના રોજ થયેલ છે.આ રીતે આરોપીઓને નોટીસની કાયદેસરની બજવણી થયેલ છે તેમ છતાં આરોપીઓએ આજદીન સુધી નોટીસમાં જણાવેલ રકમ ફરીયાદીને આપેલ નથી

તેમજ નોટીસનો જવાબ પણ આપેલ નથી.જેથી નછુટકે આરોપીઓ વિરુધ્ધ આ હાલની ફરીયાદ કરવાની ખાસ જરૂર પડી છે.આમ,આરોપીઓએ ફરીયાદી સાથે છેતરપીંડી કરવાનો ઈરાદો રાખી ખાતામાં પુરતુ બેલેન્સ ન રાખી ખામીયુકત સહીત ચેક આપી છેતરપીંડી, વિશ્વાસઘાત કરી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ: ૧૩૮ મુજબનો ગુન્હો કરેલ છે. જેથી ફરીયાદીને હાલની ફરીયાદ દાખલ કરવાની જરૂર પડેલ છે.ફરીયાદમાં તેમની સહી હોવાનુ ઓળખી બતાવે છે.આમ, આરોપીઓએ નેગોશીયેબલ ઈન્સ્ટુ.એકટ કલમ–૧૩૮ મુજબનો ગુનો કરેલ હોય આરોપી સામે કાયદેસર કાર્યવાહી કરવા, ફરીયાદીએ ફરીયાદ દાખલ કરેલ છે.

(૨) સદર કામે ફરીયાદીની લેખીત ફરીયાદ આધારે,મારા પુરોગામી વિ. મેજીસ્ટ્રેટશ્રીએ ફરીયાદીનું વેરીફીકેશન લઈ, આરોપી વિરુધ્ધ પ્રથમદર્શનીય ગુન્હો બનતો હોઈ, તા.૧૫/૧૦/૨૦૨૨ ના રોજ હુકમ કરી આરોપીને સી.આર.પી.સી. કલમ– ૨૦૪ હેઠળ નેગોશીયેબલ ઈન્સ્ટુ. એકટ કલમ–૧૩૮ મુજબના ગુનાનો જવાબ દેવા સારુ સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરેલ.ત્યારબાદ,આરોપીને સમંસની બજવણી થતાં, આરોપી તેમના વિ.વકીલશ્રી મારફતે અદાલત સમક્ષ હાજર થયેલા છે.બાદમાં ફરીયાદીએ રજૂ કરેલ ફરીયાદની નકલ તથા તમામ આધારભૂત પુરાવાઓની નકલો વિના મુલ્યે આરોપીને પુરી પાડી, સમંસ ટ્રાયેબલ કેસની કાર્યવાહી મુજબ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૫૧ મુજબ સદર કામના આરોપીનું આંક–૦૮ થી તા. ૩૧/૦૧/૨૦૨૩ ના રોજ પ્લી નિવેદન લીધેલ છે.જેમાં, આરોપીએ સદર ગુન્હાનો ઈન્કાર કરી, ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાની માંગણી કરેલી. જેથી, ફરીયાદ પક્ષનો કેસ આગળ ચલાવી પુરાવો નોંધવામાં આવેલ છે.

(૩) ફરીયાદ પક્ષે તેઓનાં સમર્થનમાં નીચે મુજબનાં મૌખિક તથા લેખિત દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરેલા છે.

–:: મૌખિક પુરાવા :: –

૧. આંક–૦૪ થી સાહેદ નં.૧ ફરીયાદી : શકીલ અહેમદ ગુલામનબી મલેકનુ સોગંદ ઉપરનુ સરતપાસનું સોગંદનામું)

ફરીયાદપક્ષ દવારા ઉપરોકત મૌખિક પુરાવા સિવાય અન્ય કોઈ સાહેદનો મૌખિક પુરાવો આ કામે રજુ કરવામાં આવેલ નથી.

– :: દસ્તાવેજી પુરાવા :: –

ફરીયાદ પક્ષે દસ્તાવેજી પુરાવામાં આંક:૦૯ થી ફોર્મ જી તથા આક: ૧૦ થી અધીકાર પત્ર તથા આક: ૧૧ થી અસલ ચેક તથા આંક:૧૨ થી કાઉન્ટર ફોઈલ અડધીયુ રજૂ કરેલ છે તેમજ આંક:૧૩ થી આરોપીએ આપેલ અસલ ચેક તેમના ખાતામાં પુરતુ બેલેન્સ ન હોવાના કારણે પરત થયો તે બેંકનો રીર્ટન મેમોરંડમ અસલ રજુ કરેલ છે તેમજ આંક:૧૪ થી ફરીયાદીએ આરોપીને વકીલશ્રી મારફતે ચેક પરત ફર્યા અંગે અપાવેલ નોટીસની સ્થળપ્રત રજુ કરેલ છે તેમજ આંક:૧૫ થી નોટીસ આરોપીને રજી.એ.ડી.પોસ્ટથી મોકલેલ તેની સફેદ પાવતી અસલ કુલ:ર રજુ કરેલ છે તેમજ આંક:૧૬ તથા આક:૧૭ થી નોટીસ આરોપીને રજી.એ.ડી.પોસ્ટથી મોકલેલ જે આરોપીને બજી ગયેલ તે અંગે પોસ્ટની એકનોલેજમેન્ટ અસલ ફરીયાદ પક્ષે દસ્તાવેજી પુરાવામાં રજૂ કરેલ છે. આ ઉપરાંત, આક:૨૧ ના પુરાવાલીસ્ટથી આક: ૨૩ થી આક:૨૬ સુધીના આદર્શ ટ્રેકટરના ટેક્ષ ઈનવોઈશ ,બીલ,રીસીપ્ટ,તથા હીસાબની નકલ દસ્તાવેજી પુરાવામાં રજૂ કરેલ છે.

(૪) ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થયા બાદ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૧૩ મુજબ આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં ફરીયાદ પક્ષનો પુરાવો તેમના રુબરુ, દેખતાં અને સાંભળતાં અને તેમની હાજરીમાં લેવામાં આવેલ હોવાનો સ્વીકાર કરી,બાકીના કેટલાક પ્રશ્નોનો ઈનકાર કરી, પોતે સોગંદ પર જુબાની આપવી નથી તેમજ આરોપી તરફે સાક્ષીઓ તપાસવા નથી તેમ જાહેર કરી વિષેશમાં આરોપી નિર્દોષ છે ફરીયાદીએ ખોટી રીતે ચેકનો દુરુપયોગ કરેલ હોવાનુ જણાવેલ છે.

બાદમાં આંક:૩૬ થી ફરીયાદ પક્ષનો પુરાવો બંધ કરવાની પૂરશીશ રજૂ કરેલ છે.ફરીયાદ પક્ષ દવારા ઉપરોકત દસ્તાવેજી પુરાવા સિવાય અન્ય કોઈ લેખિત દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરવામાં આવેલ નથી.

(૫) ત્યારબાદ, ફરીયાદ પક્ષે વિ.વકીલશ્રી વી.જે.પટેલની મૌખીક દલીલો સાંભળી તથા આરોપી તર્ફે વિ. વકિલશ્રી વી.એન.સોનીની મૌખીક દલીલો સાંભળવામાં આવી.

(૫/૧) ફરીયાદી તર્ફે વિ.વકીલ શ્રી વી.જે.પટેલનાઓએ તેઓની રજુ કરેલ મૌખીક દલીલોમાં મુખ્યત્વે આંક–૧ ની ફરીયાદ હકીકતોનું વર્ણન કરેલ છે અને વધુમાં જણાવેલ છે કે, ફરીયાદીએ તેની ફરીયાદના સમર્થનમાં આંક–૦૪ થી સરતપાસનું સોગંદનામું રજુ કરેલ છે તથા આંક–૦૯ થી આંક–૧૭ સુધીના તેમજ આક:૨૧ ના પુરાવાલીસ્ટથી આક: ૨૩ થી આક:૨૬ સુધીના દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.તે જોતાં આરોપીએ ફરીયાદીને ફરિયાદીનાં કાયદેસરનાં લેણા પેટે ચેક આપેલ છે. આ ચેક બેંકમાં મથાળે તારીખથી ૩ મહિનામાં રજૂ કરવામાં આવેલ છે. ચેક રજૂ કરવાથી સ્વીકાર્યા વગર

પરત આવેલ છે. ફરીયાદીએ આરોપીને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ:૧ ૩૮ (બી) ની જોગવાઈ મુજબ સમય મર્યાદામાં નોટિસ આપેલી છે. જે નોટીસ આરોપીને નોટીસ બજી ગયેલી હોવા છતાં દિન–૧૫ માં આરોપીએ નોટીસ મુજબ વર્તન કરેલ નથી. આથી ફરિયાદીએ એક માસમાં ફરિયાદ દાખલ કરેલ છે. આમ, ફરીયાદી તરફે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની ક.– ૧૩૮ મુજબના ગુન્હાના તમામ આવશ્યક તત્વો પુરવાર થયેલા છે.વધુમાં તેઓએ જણાવેલ છે કે,આ કામના આરોપી ઉપર ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની ક.–૧૩૮ મુજબ મોડાસા કોર્ટમાં ફરીયાદ આરોપી સામે ચાલે છે,જેથી આ કામના આરોપી જાણી જોઈને સભાન અવસ્થામાં આવા કૃત્યો આચરતા હોવાનું સાબિત થાય છે. જયારે આ કામે આરોપી તરફે તેમના બચાવમાં કોઈ પુરાવો રજુ કરેલ નથી. જેથી ફરીયાદ પક્ષે પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરેલ હોઈ આરોપીને યોગ્ય નશ્યત કરવા અને ફરીયાદીને ચેકની બમણી રકમ વળતર તરીકે અપાવવા વિનંતી કરેલ છે.વધુમાં ફરીયાદ પક્ષે ગીરીશભાઈ નટવરભાઈ પટેલ વિ. સ ટેટ ઓફ ગુજરાત અને અન્ય નો ચૂકાદો રજૂ કરેલ છે. તે ચૂકાદો ફરીયાદ પક્ષને મદદરૂપ થાય તેવો ચૂકાદો રજૂ કરેલ છે અને તે ફરીયાદ પક્ષને લાગૂ પાડી શકાય તેમ છે.

(૫/૨) બાદમાં આરોપી તર્ફે વિ. વકિલશ્રી પટેલે આંક:૫૩ થી લેખીત દલીલો રજૂ કરેલ છે તેમજ સદર કેસનુ તમામ રેકર્ડ ઘ્યાને વચાંણે લઈ જોઈતપાસી આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા દલીલ કરેલછે.

(૬) ઉપરોકત હકીકતો તથા તમામ પુરાવાઓ ઘ્યાને લેતાં, આ કેસનાં ન્યાયિક નિર્ણય સારુ આ કોર્ટ સમક્ષ નીચે મુજબનાં મુદ્દા ઉપસ્થિત થાય છે.

–:: મુ દ્દા ઓ ::–

૧. શું ફરિયાદી નિ:શંકપણે સાબિત કરે છે કે,આ કામના આરોપીએ કાયદેસરના લ્હેણા પેટે રૂા.૧,૨૫,૦૦૦/–નો તા.૨૪/૦૮/૨૦૨૨ ના રોજનો ધી સાબરકાંઠા જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લિ., મોડાસા શાખાનો ચેક નં.૦૩૦૦૦૯ નો ફરીયાદીને સહી કરી વિગતો ભરી આપેલો તે ચેક કલીયરીગ માટે યુનીયન બેંક ઓફ ઈનિડયા, મોડાસા શાખામાં રજુ કરતાં તા.૨૬/૦૮/૨૨ ના રોજ રીર્ટન મેમા સાથે ચેક પરત ફરેલો જેથી ફરીયાદી ધ્વારા તા. ૦૫/૦૯/૨૨ ના રોજ આરોપીઓને ડીમાન્ડ નોટિસ આપવા છતાં અને સદર નોટીસ આરોપીને તા. ૦૭/૦૯/૨૦૨૨ ના રોજ બજી ગયેલ હોવાછતાં આરોપીઓએ કાયદેસરના લ્હેણા પેટેની રકમ સમય મર્યાદામાં ફરીયાદીને ચુકવી આપેલી નથી,જેથી આરોપીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ – ૧૩૮ મુજબ શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

૨. શું હુકમ ?

(૭) ઉપરોકત મુદાનાં નિર્ણયો હવે પછી જણાવેલ કારણો મુજબ નીચે મુજબ છે.

૧. હકારાત્મક,
૨. આખરી હુકમ મુજબ.

(૮) ઉપરોકત મુદ્દાઓનાં નિર્ણયો માટેનાં કારણો નીચે મુજબ છે.

–:: કા ર ણો ::–

મુદ્દા નં. ૧ :–

સદર કેસના ગુણદોષની ચર્ચા કર્યા પહેલાં ધી નેગો. ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ– ૧૩૮ ના આવશ્યક તત્વો જોવાના રહે છે જે ફરીયાદીને ૧૩૮ મુજબનો ગુન્હો પુરવાર કરવાં માટે આવશ્યક રહે છે જે આવશ્યક તત્વો નીચે મુજબ દર્શાવેલ છે:-

૧. નેગો.ઈ.એકટની કલમ–૧૩૮ નો ગુનો બનવા માટે ચેક જે તારીખે લખેલો હોય તે તારીખથી ત્રણ માસની અંદર બેન્કમાં નાંખવો જરુરી છે.

૨. બેન્કમાં ચેક નાંખ્યા પછી ચેક વણચુકવ્યો પરત આવ્યાની બેન્ક તરફથી માહીતી મળ્યાનાં ૩૦ દિવસની અંદર ચેક લખનારને લેખીત નોટીસ આપી ચેકમાંની રકમની ચુકવણીની માંગણી કરવી જરુરી છે.

૩. તેમજ જયાં સુધી ચેક લખનાર સદરહુ નોટીસ મળ્યાનાં ૧૫ દિવસમાં ચેકની રકમની ચુકવણી કરવામાં નિષ્ફળ જાય તોજ સદરહુ ગુના સબંધની કલમ અમલમાં આવે છે.

(૯) આ કામે ફરીયાદપક્ષે રજુ થયેલ તમામ મૌખિક તથા દસ્તાવેજી પુરાવો વંચાણે લેતાં, ફરીયાદ પક્ષ તરફથી સાહેદ નં.૧ શકીલ અહેમદ ગુલામનબી મલેકનું કલમ–૧૪૫ મુજબનું સરતપાસનું સોગંદનામું આંક–૪ થી રજુ કરેલ છે.ફરીયાદીએ તેમની અરજીના સમર્થનમાં પોતે સદર સોગંદનામુ રજૂ કરેલછે. અને ઉપરોકત પરા નં.૧ માં જણાવેલ હકીકતો પોતાના સોગદનામામાં જણાવેલ હોય વારંવાર પુનરાવર્તન કરવાનુ ટાળવાના આશયથી સોગંદનામાની હકીકતો જણાવેલ નથી તેમજ ફરીયાદના સમર્થનમાં આંક–૦૯ થી આંક–૧૭ નાં તથા આંક: ૨૧ ના પુરાવાલીસ્ટથી આંક:૨૩ થી આંક:૨૬ સુધીના દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.જેમાં આ કામે ફરીયાદીએ દસ્તાવેજી પુરાવારૂપે આંક:૧૧ થી અસલ ચેક રજુ કરેલ છે તેમજ આંક:૧૨ થી પોષ્ટનુ અડધીયુ તેમજ આંક:૧૩ થી રીર્ટન મેમો તેમજ આંક:૧૪ થી ફરીયાદીએ આરોપીને વકીલશ્રી મારફતે ચેક પરત ફર્યા અંગે અપાવેલ નોટીસની

સ્થળપ્રત રજુ કરેલ છે તેમજ આંક:૧૫ થી નોટીસ આરોપીને રજી.એ.ડી.પોસ્ટથી મોકલેલ તેની સફેદ પાવતી અસલ રજુ કરેલ છે તેમજ આંક:૧૬,૧૭ થી પોસ્ટની એકનોલેજમેન્ટ ફરીયાદ પક્ષે દસ્તાવેજી પુરાવામાં રજૂ કરેલ છે.

ત્યારબાદ સદર ફરીયાદી સાહેદની આરોપી પક્ષે વિ.વકીલશ્રીએ ઉલટતપાસ લીધેલ છે.જેમાં તેઓએ એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે, તેઓ ટાફે મેસી ફર્ગુશન ટ્રેકટરનુ વેચાણ કરે છે તેમજ આ આરોપી સીવાય તેમને બીજી કોર્ટોમાં પણ ઘણીબધી ફરીયાદો ચાલે છે તેમજ આરોપીએ સને ૨૦૧૯ ની સાલમાં તેમનાત્યાંથી ટ્રેકટરની ખરીદી કરેલી તે હકીકત તેમની નોટીસ, ફરીયાદ કે સરતપાસમા જણાવેલ નથી તેમજ આરોપી નં.૧ એ તેમના આદર્શ ટ્રેકટરમાંથી ટ્રેકટરની ખરીદી કરેલ હોય તેવો કોઈ પુરાવો રજુક રેલ નથી તેમજ ડાઉન પેમેન્ટ એટલે ટ્રેકટરનો ભાવ અને ટ્રેકટરના લોનની રકમ વચ્ચેના તફાવતની રકમને ડાઉન પેમેન્ટ કહે છે તેમજ તેઓ આરોપી નં.૨ પાસે લેવાની બાકી નીકળતી રકમનો હીસાબ રજુ કરવા તૈયાર નથી તેમજ ડાઉન પેમેન્ટ પેટે આરોપી નં.૨ નાઓએ રૂા ૧,૩૦,૦૦૦/– માં નકકી કરી તેમનુ જુનુ ટ્રેકટર આપેલ તેમજ આરોપી નં.૨ અને આરોપી નં. ૧ બંને ભાઈઓ થતાહોઈ તેમની પેઢી ઉપર ટ્રેકટરની ખરીદી માટે આવેલા તેમજ આરોપી નં. ૨ નુ ખાતુ ન હોવાથી આરોપી નં.૧ નાએ સીકયુરીટી પેટે ચેક આપેલો તેમજ આરોપી નં.૧ નાઓએ સીકયુરીટી પેટે આપેલચેક ભરવા માટે તેઓને કોઈ લેખીત સંમતી આપેલ નથી તે તમામ હકીકતોનો સ્વીકાર કરેલ છે.**આ સાહેદ વધુમાં એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે, ટેકૂટરની નેકેટ કીંમત , વીમા પાસીગ તથા એસેસરીઝ સાથેની કુલ કીમત રૂા. ૬,૫૫,૦૦૦/–પુરાની થાય છે તેમજ પરમાર કાંતીજી બાદરજીના જુના ટ્રેકટરની કીમત રૂા. ૧,૦૦,૦૦૦/– ગણેલી તેમજ પરમાર કાતીજી બાદરજીએ તેમની આદર્શ ટેકૂટર પેઢીને તા. ૭/૧૧/૧૯ ના રોજ**

રૂ.૫,૧૩,૫૫૦/– ચૂકવેલા તેમજ તા. ૨૪/૬/૨૦ ના રોજ રૂ. ૨૦,૦૦૦/– રોકડા ચૂકવી આપેલા તેમજ ઉપર મુજબની ત્રણેય રકમ ટેકૂરટની નેકેટ કીમત રૂા. ૬,૫૫,૦૦૦/– માંથી બાદ કરતાં રૂા. ૨૧ ,૦૦૦/– લેવાના રહે છે તેમજફરીયાદી સ્વેચ્છાએ જણાવે છે કે, રૂા. ૧,૧૦,૦૦૦/– નુ રોટાવેટર સાથે આપેલ છે અને ટોટલમાંથી રૂા. ૧૫,૦૦૦/– સ્પેશીયલ ડીસ્કાઉન્ટ આપેલ છે અને ટોટલ રૂા. ૧,૨૫,૦૦૦/–લેવાના નીકળે છે તે તમામ હકીકતોનો સ્વીકાર કરેલ છે. જયારે કેટલીક હકીકતોનો આ સાહેદે આરોપી તરફેની ઉલટતપાસમાં ઈન્કાર કરેલ છે .

હવે પછી પુરાવાનું મુલ્યાંકન કરતાં પહેલાં, કાયદાનો ઉદ્દેશ ઘ્યાને લેવો જરૂરી છે.

કાયદાનો ઉદ્દેશ:–

(૧૦) આમ, ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવાનાં સંદર્ભમાં કાયદાની જોગવાઈઓ ઘ્યાને લેવામાં આવે તો,''ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ને વંચાણે લેતાં, '' સમગ્ર રીતે અથવા અંશત: કોઈપણ દેવુ કે અન્ય જવાબદારી અદા કરવા માટે કોઈ વ્યકિત પોતે નિભાવતા હોય તેવા ખાતા ઉપરનો ચેક આ ખાતામાંથી બીજી વ્યકિતને નાંણાની ચુકવણી કરવા માટે બેન્કરને લખે અને આવા ચેકની ચુકવણી કર્યા વીના બેન્ક પરત કરે, કારણ કે એ ખાતામાંની જમા રકમ ચેકના સ્વિકાર માટે અપુરતી છે અથવા તો બેન્ક સાથે સમજુતીથી કરેલ વ્યવસ્થા કર્યા પ્રમાણે ચેકની રકમ આ રકમ કરતાં વઘુ છે, ત્યારે આવી વ્યકિતએ ધી નેગો. ઈન્સ્ટ્રમેન્ટ એકટની કલમ–૧૩૮ ની પેટા કલમ (એ)(બી)(સી) ની શરતોને આધિન ગુન્હો કર્યો છે તેમ કહેવાય,જેમાં દેવું અથવા અન્ય જવાબદારી એટલે કે કાયદેસર રીતે જેનો અમલ કરાવી શકાય તેવુ દેવુ અથવા અન્ય જવાબદારી'' આ પ્રકારનો કાયદામાં સ્પષ્ટ ખુલાસો કરવામાં આવેલ છે.

(૧૧) આમ, કાયદાની જોગવાઈઓ ધ્યાને લેતાં, કોઈપણ વ્યકિતએ તેનું કાયદેસરનું દેવુ અને જવાબદારી અદા કરવા માટે પોતાના ખાતાનો ચેક કોઈની તરફેણમાં લખી આપે અને તે ચેક મુજબની રકમ લખનારનાં ખાતામાં ન હોય, અને અપુરતી રકમનાં કારણે ચેક પરત ફરે તો ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ હેઠળ ગુન્હો બને છે, તેમ કાયદામાં સ્પષ્ટ જોગવાઈ છે. પરંતુ, તેવુ દેવુ અને જવાબદારી કાયદેસર રીતે વસુલ થઈ શકે તેવુ હોવુ જોઈએ, તેવી ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ માં સ્પષ્ટતા કરવામાં આવેલી છે.

(૧૨) ઉપર મુજબની કાયદાની જોગવાઈઓનાં સંદર્ભમાં ફરિયાદપક્ષનાં પુરાવાઓને ધ્યાને લેતાં, આ કામનાં આરોપી સામેનું ધી નેગો. ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ નાં ગુન્હાનું ત્હોમત છે, જેથી ફરિયાદપક્ષે નીચે મુજબની હકીકતો સાબિત કરવાની રહે છે.

૧. આરોપીએ ફરીયાદીને ફરીયાદીનાં કાયદેસરનાં લેણા પેટે ચેક આપેલ છે.

૨. આ ચેક બેંકમાં મથાળે તારીખથી ૩ મહિનામાં રજૂ કરવામાં આવેલ છે.

૩. ચેક રજૂ કરવાથી સ્વીકાર્યા વગર પરત આવેલ છે.

૪. ફરીયાદીએ આરોપીએ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ (બી) ની જોગવાઈ મુજબ સમય મર્યાદામાં નોટિસ આપેલી છે.

૫. આરોપીને નોટિસ બજી ગયેલી હોવા છતાં દિન–૧૫ માં આરોપીએ નોટીસ મુજબ વર્તન કરેલ નહોય, ફરીયાદીએ એક માસમાં ફરિયાદ દાખલ કરેલી છે.

(૧૩) સૌ પ્રથમ ફરીયાદીએ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ તથા કલમ–૧૪૨ ની કાયદેસરની જોગવાઈઓનું પાલન કરેલું છે કે નહીં, તે જોવાનું રહે છે. ફરીયાદપક્ષનાં મૌખિક પુરાવા અને રજૂ કરેલ દસ્તાવેજોને ધ્યાને લઈએ તો,

આંક–૧૧ નાં ચેકનાં મથાળે તા.૨૪–૦૮–૨૦૨૨ ની તારીખ લખેલ છે. આ ચેક ફરીયાદીનાં મૌખિક પુરાવા મુજબ તેમની બેંકમાં કલીયરીંગ અર્થે તા.૨૪/૦૮/૨૦૨૨ નાં રોજ જમા કરાવતાં, ''ફંડ ઈનસફીશીઅન્ટ''નાં શેરાથી રીટર્ન મેમો આંક–૧૩ થી સદર ચેક પરત આવેલો.જે આંક–૦૯ થી આંક–૧૭ સુધીનાં દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતાં, હાલનો ચેક મથાળે તારીખથી ૩ માસમાં જમા કરાવવામાં આવેલ છે અને તે ચેક આંક–૧૩ નાં રીટર્ન મેમાથી પરત આવેલ છે. તેમજ આંક–૧૫ ની પોસ્ટની રજી.એડી.ની સફેદ પાવતી ધ્યાને લેતાં, ચેક રીટર્ન થયાની તારીખથી ફરીયાદીએ દિન–૩૦ ની અંદર આંક–૧૪ ની માંગણાની નોટીસ આપેલી છે.આમ,ફરીયાદીએ આરોપીને સમયમર્યાદામાં નોટીસ આપેલ હોવાનું પુરવાર થાય છે. જે મુજબ આરોપીને તા.૦૭/૦૯/૨૦૨૨ નાં રોજ નોટીસ બજેલ હોવાનું પુરવાર થાય છે.જયારે, ફરીયાદીએ હાલની ફરીયાદ,તા.૧૫/૧૦/૨૨ નાં રોજ દાખલ કરેલ છે.આમ,ફરીયાદીએ હાલની ફરીયાદ સમયમર્યાદામાં દાખલ કરેલી હોવાનું પુરવાર થાય છે.

(૧૪) આમ, ફરીયાદપક્ષે જયારે હાલનો ચેક સમય મર્યાદામાં દાખલ કરેલ છે, સમય મર્યાદામાં નોટિસ આપેલી છે, સમયમર્યાદામાં ફરીયાદ કરેલી છે, તે પુરવાર કરે છે, પરંતુ સાથે સાથે ફરીયાદપક્ષે સૌથી અગત્યનો હાલનો ચેક કાયદેસરનાં લેણા પેટે આપવામાં આવેલ છે, તે પુરવાર કરવાનું રહે છે. આ માટે ફરીયાદપક્ષનાં પુરાવાઓની ઝીણવટભરી સમીક્ષા કરવી આવશ્યક છે.જયારે,આરોપી તરફે કલમ–૧૩૯ મુજબ ફરીયાદીનાં પુરાવાનું ખંડન કરવાનું રહે છે. આથી, ફરીયાદી તથા આરોપીનાં પુરાવાઓનું કાયદાની જોગવાઈઓ અનુસાર મુલ્યાંકન કરવાનું રહે છે.

(૧૫) આમ, આ કામે ફરીયાદ પક્ષે રજુ થયેલ તમામ મૌખિક તથા દસ્તાવેજી પુરાવો ધ્યાને લઈ પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો,ફરીયાદી સાહેદ નં.૧ શકીલ અહેમદ ગુલામનબી મલેકનાંએ આંક–૪ નાં મૌખીક પુરાવામાં સરતપાસમાં જણાવેલ છેકે, આ કામના આરોપીએ ફરીયાદીને સદર લીધેલ રકમ પરત આપવાની ખાતરી આપી મેળવેલ,જેમાં આરોપી સદર રકમ આપવામાં બેદરકાર રહેતા, ફરીયાદીએ આરોપી પાસેની સદર રકમની ઉઘરાણી કરતાં, આરોપીએ સદર રકમ ચુકવવા માટે તા.૨૪/૦૮/૨૨ નાં રોજનો તેમનાં ધી સા.કાંઠા જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક,મોડાસા શાખાનો ખાતાનો ચેક નં.૦૩૦૦૦૯ નો રૂા.૧,૨૫,૦૦૦/–નો પાકો વિશ્વાસ અને ભરોસો આપી ફરીયાદીને આપેલો,તેમ જણાવી,આંક–૧૧ થી અસલ ચેક રજુ કરેલ છે. આ અંગે બચાવપક્ષે ફરીયાદીની લંબાણપૂર્વકની ઉલટતપાસ કરેલ છે.પરંતુ કોઈ ઠોસ હકીકતો ફરીયાદી પાસેથી કઢાવી શકેલ નથી.આરોપી તર્ફે વિ. વકિલશ્રીએ દલીલો કરી આરોપીને છોડી મુકવા દલીલ કરેલ છે પરંતુ રજૂ કરેલ ઉલટતપાસની જેમજ પોતાની દલીલોની હકીકતો રજૂ કરેલ હોવાનુ સ્પષ્ટ જણાઈ આવે છે જેથી દલીલોમાં પણ કોઈ ઠોસ હકીકતો આરોપી તરફે કઢાવી શકેલ નથી. આમ, ફરીયાદીનાં તમામ પુરાવાથી ફરીયાદની હકીકતો પુરવાર થાય છે.આથી, ફરીયાદ પક્ષનાં તમામ પુરાવાથી આરોપીએ ફરીયાદી પાસેથી મેળવેલ રકમ ભરપાઈ કરેલ નથી, તે હકીકતો પુરવાર થાય છે. આમ, ફરીયાદીનું આરોપી પાસે લેણુ હોવાની હકીકતો પુરવાર થાય છે.

(૧૬) આ ઉપરાંત,આંક–૧૧ વાળો ચેક આરોપીનાં ખાતાનો છે.આથી, આરોપીએ ચેક વિરુધ્ધની હકીકતો તેનાં પુરાવાથી પુરવાર કરવી જોઈએ.પરંતુ, આરોપીએ તેનાં બચાવમાં કોઈ પુરાવો રજુ કરેલ નથી. આથી, કાયદાની જોગવાઈઓ ધ્યાને લેતાં, ''કલમ–૧૩૯ અનુસાર ચેક વિરુધ્ધની હકીકતો સાબિત ન થાય ત્યાં સુધી આરોપીએ

લેણી રકમ પેટે ચેક આપેલો તેવું માની શકાય.'' આ કામે આંક–૧૧ વાળો ચેક ફરીયાદીનાં કબજામાંથી રજુ થયેલ છે, જે ચેક આરોપીનાં ખાતાનો ચેક છે. આથી, આરોપીનો ચેક ફરીયાદીનાં કબજામાં કેવી રીતે ગયેલો, તે હકીકતો બચાવપક્ષે પુરવાર કરવાની રહે છે. પરંતુ, બચાવપક્ષે ફરીયાદીની નોટીસનો કોઈ જવાબ આપેલ નથી, કે તેનાં બચાવનાં સમર્થનમાં કોઈ પુરાવો રજુ કરેલ નથી.આમ, આંક–૧૧ નો આરોપીનો ચેક ફરીયાદીની કસ્ટડીમાં કેવી રીતે ગયેલો, તેનો વિરુધ્ધનો કોઈ પુરાવો રજુ થયેલ નથી. તેમજ સદર ચેકથી વિરુધ્ધની કોઈ હકીકતો બચાવપક્ષ રેકર્ડ ઉપર લાવેલ નથી.આથી,આંક–૧૧ વાળો ચેક આરોપીએ લખી, સહી કરીને આપેલ હોવાનુ માનવાને કારણ રહે છે.આ ઉપરાંત, ફરીયાદપક્ષનાં તમામ પુરાવાથી આરોપીએ રકમ ભરપાઈ કરેલ નથી, તે હકીકતો પણ પુરવાર થયેલ છે. આમ, ફરીયાદીનું આરોપી પાસે લેણુ હોવાની હકીકતો પુરવાર થાય છે.આથી, આંક–૧૧ વાળો ચેક આરોપીએ ઉછીની લીધેલ લેણી રકમ ભરપાઈ કરવા માટે આપેલ હોવાનું અનુમાન કરી શકાય. આથી, ફરીયાદ પક્ષનાં તમામ દસ્તાવેજી પુરાવાથી રકમ બાકી હોવાની હકીકતોને સમર્થન મળે છે. આમ,ફરીયાદ પક્ષનાં પુરાવાથી આરોપીએ ફરીયાદીની લેણી રકમ ભરપાઈ કરવા માટે આંક–૧૧ વાળો ચેક આપેલ હોવાનું પુરવાર થાય છે. આથી, ફરીયાદી તરફેનાં તમામ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાથી ફરીયાદીનું આરોપી પાસે લેણુ હોવાની હકીકતો પુરવાર થાય છે.

(૧૭) આ ઉપરાંત, ફરીયાદી સાહેદ નં.૧શકીલ અહેમદ ગુલામનબી મલેક નાંએ તેઓનાં આંક–૪ નાં મૌખિક પુરાવામાં જણાવેલ છે કે, આરોપીએ આપેલ ચેક નં.૦૩૦૦૦૯ નો ફરીયાદીએ તા.૨૪/૦૮/૨૦૨૨ નાં રોજ ધી સા.કાંઠા જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી., મોડાસા શાખામાં ફરીયાદીનાં ખાતામાં જમા કરાવેલ અને ચેક કલીયરીંગમાં જતાં, આરોપીનાં ખાતામાં પુરતુ ભંડોળ ન હોય ''ફંડ ઈનસફીશીઅન્ટ''નાં

શેરા સાથે રીટર્ન થયેલો, ત્યારબાદ ફરીયાદીએ આરોપીને રજી.એડી.થી નોટીસ આપેલી, જે નોટીસ આરોપીને મળી જવા છતાં,આરોપીએ નોટીસનો કોઈ જવાબ આપેલ નથી. આ અંગે બચાવપક્ષે ફરીયાદી સાહેદની લંબાણપૂર્વક વિગતવાર ઉલટતપાસ લીધેલ છે.પરંતુ કોઈ ઠોસ હકીકતો બહાર કઢાવી શકેલ નથી ,આમ, ફરીયાદ પક્ષની હકીકતો ધ્યાને લેતાં, આરોપીને નોટીસ મળેલ હોવાની હકીકતો એડમીટ કરેલ છે.જયારે, ફરીયાદી તરફે આંક–૧૩ થી બેન્કનો રીટર્ન મેમો રજુ થયેલ છે, જેમાં બેન્ક મેનેજરનાં સહી સિકકા છે અને બેન્કનો અસલ દસ્તાવેજ છે. આ તમામ દસ્તાવેજો ખોટા હોવાનો બચાવપક્ષે કોઈ પુરાવો રજુ કરેલ નથી. તેમજ ફરીયાદી તરફે રજુ થયેલ આંક–૧૩ નાં રીટર્ન મેમોમાં ચેકનો નંબર જણાવેલ છે.આથી, આંક–૧૧ વાળો ચેક કલીયરીંગ માટે યુનીયન બેંક ઓફ ઈન્ડિયા,મોડાસા શાખામાં રજુ થયેલ હોવાની હકીકતો પુરવાર થાય છે.આ ઉપરાંત, આંક–૧૩ નાં મેમોમાં ફરીયાદવાળો ચેક નંબર, તારીખ અને ચેક રીટર્ન થયાનું કારણ દર્શાવેલ છે. તેમજ તેમાં બેન્કનાં અધિકારીની સહી છે.આમ,ભારતીય પુરાવા અધિ.ની જોગવાઈ અનુસાર અસલ દસ્તાવેજ પ્રાથમીક પુરાવો ગણાય. આથી, આ દસ્તાવેજોની હકીકતો નહી માનવાને કોઈ કારણ નથી. આમ, આંક–૧૩ નાં રીટર્ન મેમોની હકીકતો પુરવાર થાય છે.આથી, ફરીયાદી સાહેદની જુબાની તથા તમામ દસ્તાવેજી પુરાવાથી આંક–૧૧ વાળો ચેક બેન્કમાં કલીયરીંગ અર્થે જમા કરાવેલ હોવાની તથા આરોપીનાં ખાતામાં અપુરતા નાણાં હોવાનાં કારણે ચેક પરત ફરેલ હોવાની હકીકતો પુરવાર થાય છે.આમ, ફરીયાદ પક્ષનાં તમામ પુરાવાથી આરોપીનાં ખાતામાં પુરતુ બેલેન્સ ન હોવા છતાં, આરોપીએ ફરીયાદીને બાંહેધરી આપીને પોતાના ખાતાનો ચેક ભરપાઈ કરવા માટે આપેલ છે, તે હકીકતો પુરવાર થાય છે.આમ, આરોપીનું સેવિંગ ખાતુ બેન્કમાં આવેલ હોય,આરોપીનાં ખાતામાં કેટલુ બેલેન્સ છે,તેની જાણકારી આરોપીને સારી રીતે હોય, તે સ્વાભાવિક છે. આમ, આરોપીનાં ખાતામાં ચેકની રકમ જેટલા નાણાં નથી,

તે હકીકત આરોપી જાણતા હોવાછતાં,આરોપીએ તેનાં ખાતાનો આંક–૧૧ વાળો ચેક ફરીયાદીની રકમ ભરપાઈ કરવા માટે આરોપીને ફરીચાદી સાથે છેંતરપીંડી કરેલ છે.

(૧૮) આ ઉપરાંત, ફરીયાદી સાહેદ:શકીલ અહેમદ ગુલામનબી મલેક નાંએ તેઓનાં આંક–૪ નાં મૌખિક પુરાવામાં જણાવેલ છે કે, આરોપીએ આપેલ ચેક બેન્કમાંથી રીટર્ન થતાં,ફરીયાદીએ તેમનાં વકીલશ્રી મારફતે આરોપીને તા.૦૫/૦૯/૨૨ નાં રોજ રજી.એડી.થી નોટીસ આપેલી,જે નોટીસ આરોપીને તા.૦૭/૦૯/૨૦૨૨ ના રોજ મળી જવા છતાં, આરોપીએ નોટીસનો કોઈ જવાબ આપેલ નથી.આ અંગે ફરીયાદી તરફે આંક–૧૪ થી નોટીસ, આંક–૧૫ થી રજી.એડી.પહોંચ, આંક–૧૬,૧૭ થી આરોપીને નોટીસ મોકલેલ તે બજ્યા અંગેની એકનોલેજમેન્ટ અસલ વિ. દસ્તાવેજો રજુ કરેલા છે.આ દસ્તાવેજો અંગે બચાવપક્ષે ફરીયાદી સાહેદની કોઈજ ઉલટતપાસ કરેલ નથી.આમ,બચાવપક્ષની હકીકતો ધ્યાને લેતાં, આરોપીને નોટીસ મળેલ હોવાની હકીકત એડમીટ કરેલ છે.આ ઉપરાંત, આંક–૧૪ ની નોટીસમાં તા.૦૫/૦૯/૨૨ નાં રોજની છે અને આંક–૧૫ ની રજી.એડી. ની પાવતીઓમાં પણ તા.૦૫/૦૯/૨૨ છે તેમજ આંક–૧૬,૧૭ ની એકનોલેજમેન્ટ રસીદોમાં આરોપીનું નામ, સરનામુ અને આરોપીની સહી છે. આ દસ્તાવેજો પોસ્ટનાં અસલ દસ્તાવેજો છે. જયારે, આરોપી તરફે આ દસ્તાવેજો ખોટા હોવાનો કોઈ પુરાવો રજુ કરેલ નથી.આથી, આ દસ્તવોજોની હકીકતો નહી માનવાને કોઈ કારણ નથી.આમ, આ દસ્તાવેજોથી આંક–૧૪ ની નોટીસ આરોપીનાં સરનામે આંક–૧૫ ની પાવતી મુજબ રજી.એ.ડી. પોસ્ટથી મોકલેલ છે. જે નોટીસ આરોપીને આંક–૧૬,૧૭ ની પોસ્ટની એકનોલેજમેન્ટ મુજબ મળી ગયેલ છે.આથી, તમામ દસ્તાવેજી પુરાવાથી ફરીયાદીએ આરોપીને નોટીસ મોકલેલ હોવાની હકીકતો પુરવાર થાય છે. આ ઉપરાંત, આંક–૧૬,૧૭ માં આરોપીનું નામ, સરનામુ છે અને આરોપીએ સહી કરી નોટીસ સ્વીકારેલ છે આ દસ્તાવેજમાં આરોપીની સહી છે,

તે અંગે બચાવપક્ષે કોઈ તકરાર લીધેલ નથી. તેમજ ફરીયાદમાં જણાવેલ સરનામે આરોપીને સમંસ બજતાં આરોપી હાજર થયેલ છે, તે જ સરનામે આરોપીને નોટીસ મોકલેલ છે. તેમજ ફરીયાદમાં જણાવેલ સરનામુ આરોપીનું નથી, તેવી કોઈ તકરાર બચાવપક્ષે લીધેલ નથી. આથી, આંક–૧ ની ફરીયાદમાં આરોપીનું સાચુ સરનામુ છે, તે માનવાને કારણ રહે છે. આમ, તમામ દસ્તાવેજોની આરોપીને સાચા સરનામે નોટીસ મોકલેલ હોવાનું પુરવાર થતુ નથી. જેથી, જનરલ કલોઝીંગ એકટની કલમ–૨૭ મુજબ આરોપીનાં ખરા સરનામે આરોપીને નોટીસ મળેલ છે.આથી, ફરીયાદપક્ષનાં તમામ મૌખિક પુરાવા તથા દસ્તાવેજી પુરાવાથી આંક–૧૪ ની નોટીસ આરોપીને કાયદેસર રીતે બજેલ હોવાનું પુરવાર થાય છે. આમ, ફરીયાદીની નોટીસ આરોપીને મળેલ છે,તેમછતાં, આરોપીએ નોટીસનો કોઈ જવાબ આપેલ નથી કે તેઓનો કોઈ બચાવ મુકેલ નથી. આથી, ફરીયાદપક્ષનાં તમામ પુરાવાથી આરોપીએ નેગો. ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ની જોગવાઈ અનુસાર ગુન્હો કરેલ હોવાનું સ્પષ્ટપણે પુરવાર થાય છે.

(૧૯) આમ, ફરીયાદપક્ષે રજુ થયેલ તમામ મૌખીક તથા દસ્તાવેજી પુરાવા તથા નામ.સુપ્રીમ કોર્ટનાં પ્રસ્થાપિત સિધ્ધાંતો ધ્યાને લેતાં,નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટના કેસોમાં લેણું સાબિત કરવાનો બોજો ફરીયાદપક્ષ પર છે. પરંતુ આ પ્રકારનાં કેસોમાં ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવા ઉપરાંત આરોપી પક્ષે રજૂ થયેલ પુરાવો તથા આરોપીનો બચાવ પણ ધ્યાને લેવો જોઈએ.પરંતુ,આ કામે બચાવપક્ષે તેનાં બચાવનાં સમર્થનમાં કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી.આ કામે ફરીયાદપક્ષે તપાસેલ સાહેદોનાં મૌખિક પુરાવાથી તથા તમામ દસ્તાવેજી પુરાવાથી ફરીયાદ પક્ષનો કેસ નિ:શંકપણે પુરવાર થાય છે. પરંતુ, આ તબકકે આરોપીનો બચાવ અને તે લગતની દલીલોની હકીકતો ધ્યાને લેવી જરૂરી છે.

આરોપીનો બચાવ :–

(૨૦) નેગોસીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટના કાયદાની કલમ–૧૩૯ તથા કલમ–૧૪૦ ધ્યાને લેવામાં આવે તો :–

કલમ–૧૩૯ ધારકની તરફેણમાં અનુમાન :–

'' જયાં સુધી વિપરીત અસર પુરવાર કરવામાં ન આવે ત્યાં સુધી એવું માની લેવામાં આવશે કે ચેકના ધારકને કલમ–૧૩૮ માં જણાવેલ ચેક સમગ્ર અથવા અંશત: અથવા બીજી જવાબદારી અદા કરવા માટે મળેલ છે.''

કલમ–૧૪૦ :– કલમ–૧૩૮ હેઠળની કાર્યવાહીમાં મંજુર ના કરી શકાય તેવો બચાવ :– ''ચેક લખી આપ્યો ત્યારે ચેક લખનારને એવું માનવાને કારણ ન હતું કે, ચેક રજુ કરવામાં આવશે ત્યારે તે કલમ–૧૩૮ માં જણાવેલ કારણોસર સ્વીકારી શકાશે નહીં તેવું તે કલમ હેઠળની ગુના માટેની કાર્યવાહીમાં બચાવ કરી શકાશે નહીં.''

(૨૧) આમ, આ કાયદાની કલમ–૧૩૯ અનુસાર જયાં સુધી વિપરીત પુરવાર કરવામાં ન આવે ત્યાં સુધી ચેકની હકીકતો માની લેવામાં આવશે અને ચેકનાં ધારકને કલમ–૧૩૮ માં જણાવેલ ચેક સમગ્ર અથવા અંશત: અથવા બીજી જવાબદારી માટે મળેલ હોવાનું ધારકની તરફેણમાં અનુમાન થાય. આ કામે ફરીયાદી સાહેદની બચાવપક્ષે ઉલટતપાસ દરમ્યાન બચાવપક્ષે તકરાર લીધેલ છેકે,આરોપીએ ફરીયાદી પાસેથી રકમ લીધેલ નથી અને ફરીયાદીએ ખોટા દસ્તાવેજો રજુ કરેલ છે.આમ,બચાવપક્ષે એક તરફ ફરીયાદી પાસેથી રકમ લીધેલ નથી,તેવી તકરાર લીધેલ છે.જયારે, આ હકીકતે ફરીયાદીની કોઈજ ઉલટતપાસ લીધેલ નથી.આમ, બચાવપક્ષે ફરીયાદી પાસેથી રકમ લીધેલી, તે હકીકતો એડમીટ કરેલ છે. તેમજ આ કામે ફરીયાદી તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓ આંક:૦૯ થી આંક:૧૭ સુધીના તેમજ આક:૨૧ ના પુરાવાલીસ્ટથી

આક: ૨૩ થી આક:૨૬ સુધીના દસ્તાવેજો રજુ કરેલા છે, તેમાં આરોપીની સહી છે, જે અંગે બચાવપક્ષે કોઈ તકરાર લીધેલ નથી. આથી, ફરીયાદપક્ષનાં દસ્તાવેજી પુરાવાથી આરોપીએ ફરીયાદી પાસેથી રકમ લીધેલ હોવાની હકીકતો પુરવાર થયેલ છે. આ ઉપરાંત, આરોપીએ રકમ ભરપાઈ કરી આપેલ હોવાનાં કોઈ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ નથી.તેમજ આંક–૧૧ નો ચેક આરોપીનાં ખાતાનો અને આરોપીની સહીવાળો છે,તે અંગે બચાવપક્ષે કોઈ તકરાર લીધેલ નથી તેમજ આરોપીનાં ખાતાનો ચેક ફરીયાદી પાસ કેવીરીતેગયેલો,તેહકીકતો અંગે બચાવપક્ષે કોઈ તકરાર લીધેલ નથી કે કોઈ પુરાવો રજુ કરેલ નથી. તેમજ સદર ચેક આરોપીએ સીકયુરીટી પેટે આપેલ હોવાની કોઈ તકરાર ઉઠાવેલ નથી. આમ, આંક–૧૧ નાં ચેક વિરુધ્ધની હકીકતો બચાવપક્ષ રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. તેમજ ફરીયાદ પક્ષનાં તમામ પુરાવાથી ફરીયાદીનું આરોપી પાસે લેણુ હોવાની હકીકતો પુરવાર થાય છે. તેમજ આરોપીએ ફરીયાદીની નોટીસનો કોઈ જવાબ આપેલ નથી. આથી, આંક–૧૧ નો ચેક આરોપીએ બાકી રકમ પેટે આપેલ હોવાનું માનવાને કારણ રહે છે. આરોપી તર્ફે વિ. વકિલશ્રીએ મૌખીક દલીલો કરેલ છે. અને આરોપીને છોડી મુકવા આરોપીના વિ.વકીલશ્રીએ દલીલ કરેલ છે પરંતુ રજૂ કરેલ ઉલટતપાસની જેમજ પોતાની દલીલોની હકીકતો રજૂ કરેલ હોવાનુ સ્પષ્ટ જણાઈ આવે છે જેથી દલીલોમાં પણ કોઈ ઠોસ હકીકતો આરોપી તરફે કઢાવી શકેલ નથી. આ ઉપરાંત,આરોપી તરફે રકમ ભરપાઈ કરી આપેલ હોવા અંગે કોઈ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી.આમ, આ કામે આરોપીનો ચેક ફરીયાદીનાં કબજામાંથી રજુ થયેલો છે, ત્યારે આરોપીએ લ્હેણાની જવાબદારી પેટે ફરીયાદીને ચેક આપેલ હોવાનું પુરવાર થાય છે. આથી, આરોપીનાં બચાવથી ફરીયાદીનાં પુરાવાનું ખંડન થતુ નથી. આમ, આરોપી તરફે કલમ–૧૩૯ મુજબ ખંડન કરવામાં નિષ્ફળ ગયેલ છે.

(૨૨) આમ, ફરીયાદપક્ષે રજુ થયેલ તમામ મૌખિક તથા દસ્તાવેજી પુરાવો તથા નામ.સુપ્રિમ કોર્ટનાં પ્રસ્થાપિત સિધ્ધાંતો ધ્યાને લેતાં, નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટનાં કેસોમાં લેણું સાબિત કરવાનો બોજો ફરીયાદપક્ષ પર છે, તેમજ આ પ્રકારનાં કેસમાં ફરીયાદી તર્ફે રજૂ થયેલ રેકર્ડ ઉપરાંત આરોપીપક્ષે રજૂ થયેલ સંજોગો અને આરોપીનો બચાવ પણ ધ્યાને લેવો જોઈએ. આ કામે બચાવપક્ષે લીધેલ બચાવની હકીકતો પુરવાર થતી નથી. તેમજ ફરીયાદપક્ષે રજુ થયેલ તમામ પુરાવાથી હાલનાં આરોપીએ ફરીયાદી પાસેથી ઉછીની રકમ મેળવેલ ,તેની બાકી રકમ રૂા.૧ ,૨૫,૦૦૦/–પેટે આરોપીએ આંક–૧૧ વાળો ચેક આપેલો, તે હકીકતો પુરવાર થાય છે. તેમજ ફરીયાદીની લેણી રકમ પેટે આરોપીએ તેનાં ખાતાનો તેની સહીવાળો ચેક આપેલો, તે ''ફંડ ઈનસફીસીયન્ટ'' ના કારણે પરત ફરેલો.ત્યારબાદ, ફરીયાદીએ આરોપીને કાયદેસરની નોટીસ આપેલી,તે નોટીસ આરોપીને બજી ગયેલ હોવા છતાં, હાલનાં આરોપીએ ફરીયાદીની લેણી રકમ ચુકવેલ નથી. આમ, આરોપીએ તેનાં ખાતામાં અપુરતુ બેલેન્સ હોવાછતાં, ફરીયાદીને ચેક આપી, ફરીયાદી સાથે વિશ્વાસઘાત કરી, ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ હોવાની હકીકતો નિ:શંકપણે પુરવાર થાય છે. આમ, ફરીયાદપક્ષે તેઓનો પુરાવાનો બોજો નિ:શંકપણે પુરવાર કરેલ છે. તેમજ આરોપીપક્ષે લીધેલ બચાવ આરોપી પક્ષે પુરવાર કરેલ નથી. આમ, આરોપી સામેનાં ગુન્હાનાં તત્વો નિ:શંકપણે પુરવાર થાય છે.

(૨૩) આમ, ફરીયાદપક્ષે રજૂ થયેલ તમામ મૌખિક તથા દસ્તાવેજી પુરાવો અને કાયદાની જોગવાઈઓ ધ્યાને લેતાં, ફરીયાદીની લેણી રકમ પેટે આરોપીએ ચેક આપેલ હોવાની અને તેવો ચેક આરોપીનાં ખાતામાં અપુરતુ બેલેન્સ હોવાનાં કારણે પરત ફરેલ હોવાની હકીકતો ફરીયાદપક્ષે નિ:શંકપણે પુરવાર કરેલ છે. આમ,

ઉપરોકત ચર્ચા મુજબ (૧) ફરિયાદીએ પોતાનું કાયદેસરનું લેણુ સાબિત કરેલ છે. (૨) ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ની જોગવાઈઓનું પાલન કરેલાનું સાબિત કરે છે. (૩) આરોપી ધી નેગો. ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ ની આજ્ઞાત્મક જોગવાઈઓનું ખંડન કરવામાં નિષ્ફળ ગયેલ છે.

(૨૪) સદર કામે આરોપીની પ્લી ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૫૧ મુજબ આંક–૦૮ થી સાદા ફોર્મમાં નોંધવામાં આવેલ છે. તેમજ આ અદાલત તરફથી સદર કામનાં ફરીયાદીની સરતપાસ તથા આરોપી તરફે કરેલ ઉલટતપાસની તમામ હકીકતો વિગતવાર નોંધવામાં આવેલ છે. આમ, સદર કેસની સમગ્ર ટ્રાયલ ક્રિમી. પ્રોસીઝર કોડનાં પ્રકરણ–૨૦ મુજબ સમંસ ટ્રાયેલબની જોગવાઈઓ અનુસાર ચલાવવામાં આવેલ છે. જેથી,નેગોશીએબલ ઈન્સટ્રુમેન્ટની એકટની કલમ–૧૩૮ ની જોગવાઈઓ અનુસાર આરોપીને બે વર્ષ સુધીની સજા અને ચેકની રકમની બમણી રકમ સુધીનાં દંડની સજા થઈ શકે છે. આ ઉપરાંત, આ કેસનાં તમામ સંજોગો તથા નામ. સુપ્રિમ કોર્ટે તાજેતરમાં પ્રસ્થાપિત કરેલા સિધ્ધાંતો અનુસાર નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટનાં કેસોનાં ફરીયાદી પણ ભોગ બનનાર ગણી શકાય અને તેઓને નાણાંની નુકશાની થયેલ હોય અને કેસ દરમ્યાન માનસિક ત્રાસ થયેલ હોય, તે બદલ આ પ્રકારનાં કેસનાં ફરીયાદીને પણ વળતર આપવુ જોઈએ. તેમજ આ પ્રકારનાં કેસ ચાલતા દરમ્યાન દિવાની દાવાની સમયમર્યાદા વિતી જતી હોય, તે સંજોગોમાં ફરીયાદીને અન્ય કોઈ વિકલ્પ રહેતો નથી.તે તમામ સંજોગો ધ્યાને લેતાં, હાલનો કેસ ફરીયાદપક્ષે નિ:શંકપણે પુરવાર કરેલ છે. તેથી, આ કામનાં ફરીયાદીને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ –૩૫૭ (૩) મુજબ વળતર આપવાનાં વ્યાજબી અને ન્યાયી કારણો જણાઈ આવે છે.

(૨૫) આ તબકકે ધી નેગો. ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૧૮ તથા કલમ–૧૩૯ માં વર્ણવેલ કાયદાકીય અનુમાન નીચે મુજબ છે.

Section - 118 :Presumption as to negotiable instruments*:Until contrary is proved,the following presumptions shall be made:*

(A) Of Consideration-That every negotiable instrument was made or drawn for consideration,and that every such instrument,when it has been accepted, endorsed, negotiated or transferred,was accepted,endorsed, negotiated or transferred for consideration.

(B) As to date:That every negotiable instrument bearing a date was made or drawn on such date.

(C) As to time of acceptance-That every accepted Bill of exchange was accepted within a reasonable time after its date and before its maturity.

(D) As to time of transfer-That every transfer of negotiable instrument was made before its maturity.

(E) As to order of endorsement-That the endorsements appearing upon a negotiable instruments were made in the order in which they appear thereon.

(F) As to stamp-That a lost promissory note,Bill of Exchange or cheque was duly stamped.

(G) That Holder is a holder in due course-That the holder of a negotiable instrument is a holder in due course.

Provided that,where the instrument has been obtained from its lawful owner,or from any person in lawful custody,thereof,by means of n offence or fraud,or for unlawful consideration,the burden of proving that the holder is a holder in due course lies upon him.

Section - 139 :Presumption in favour of Holder-*It shall be presumed,unless the contrary is proved,that the holder of a cheque received the cheque,of the nature referred to in section 138,for the discharge,in whole or in part,of any debt or other liability.*

કલમ – ૧૩૮ હેઠળના કેસોમાં ફોજદારી ન્યાયશાસ્ત્રનું ત્રાજવુ ચેક લેનારની તરફેણમાં નમતું હોય છે એટલે કે ફરીયાદીની તરફેણમાં અવેજ અને કાયદેસરના લ્હેણાનું ખંડનીય અનુમાન કરવામાં આવે છે.વધુમાં, બચાવ પક્ષનું પુરાવાનું સ્ટેન્ડર્ડડપ્રીપોન્ડરેન્સ ઓફ પ્રોબેબીલીટીનું હોય છે અને કલમ –૧૩૯ મુજબ ચેક લેનારની તરફેણમાં લ્હેણાનું અનુમાન કરવામાં આવતું હોય છે એટલે કે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રમેન્ટ એકટની કલમ –૧૧૮ તથા કલમ–૧૩૯ હેઠળ કરવામાં આવેલ અનુમાનનું ખંડન કરવાનો બોજો આરોપીના શીરે હોય છે જે તેણે પુરાવો આપીને કરવાનો હોય છે જેનાથી ફરીયાદીની હકીકતો અંગે શંકા થઈ શકે. જયારે ફોજદારી કેસોમાં શંકારહિત લ્હેણું સાબિત કરવાનો બોજો ફરીયાદ પક્ષ ઉપર હોતો નથી. ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ તથા કલમ – ૧૩૯ વંચાણે લેતાં એમ સ્પષ્ટ થાય છે કે, જો આરોપીએ ફરીયાદીને ચેક આપ્યો હોવાનુ સાબિત થાય તો તેવા સંજોગોમાં કેટલાક અનુમાનો અદાલતે કરવાના રહે છે. કલમ –૧૩૮ હેઠળ ના કેસોમાં ફોજદારી ન્યાય શાસ્ત્રનું ત્રાજવું ચેક લેનારની તરફેણમાં નમતુ હોય છે. એટલે કે ફરીયાદીની તરફેણમાં અવેજ અને લ્હેણાનું ખંડનીય અનુમાન કરવામાં આવે છે.જો કે તે અનુમાનો નિર્ણાયક પુરાવો નથી, પરંતુ તેવા અનુમાનોનું યોગ્ય અને વ્યાજબી પુરાવા તથા ખુલાસાઓથી ખંડન કરી શકાય છે. વધુમાં આરોપીએ તેવા અનુમાનોનું ખંડન કરવા સોગંદ ઉપર જુબાની આપવી જ જોઈએ તેવો કોઈ કાયદાનો નિયમ નથી. આરોપી ફરીયાદીની ઉલટતપાસ તથા રેકર્ડ પરના પુરાવાથી તેવા અનુમાનોનું ખંડન કરી શકે છે.

(૨૬) વધુમાં, આરોપીએ એવી દલીલ કરેલ છે કે લ્હેણાંની રકમ રૂા.૨૦,૦૦૦/– થી વધુ હોવા છતાં ફરીયાદીએ ચેકથી રકમ આપેલી નથી, જેથી ફરીયાદીએ નાણાં આપેલ હોવાનું પુરવાર થતું નથી.આરોપી દ્વારા લીધેલ આ પણ દલીલ ટકવાપાત્ર નથી કારણકે નેગો. ઈન્સ્ટુ. એકટ તથા ઈન્કમટેક્ષ એકટ બંને અલગ

કાયદા છે અને નેગો. ઈન્ટ્રુ. એકટ એ સ્વતંત્ર કાયદો છે. આમ બંને કાયદા અલગ હોઈ એકબીજાને અસરકર્તા નથી.

આમ, ઉપરોકત કરેલ ચર્ચા મુજબ નામ. દિલ્લી હાઈકોર્ટ ના **Guddu Devi@Guddi Vs Bhupendra Kumar**[1] ના ચુકાદાના અવલોકન કરતાં સદર ચુકાદો આરોપી ને લાભ કર્તો નથી. જે અવલોકન નીચે મુજબ છે.

''Section 269SS of the Income Tax Act, 1961 prohibits making of any payment in cash above a sum of ₹20,000/-. Thus, any person violating the same would attract imposition of penalties under the said Act. However, the same does not render the said debt un-enforceable or precludes the lender from recovering the same"

(૨૭) હવે આરોપી ઉપર મુકવામાં આવેલ બોજાનું કઈ રીતે ખંડન કરી શકે અને આ કામે કયા કયા સંજોગોમાં અનુમાનોનું ખંડન કેવી રીતે કરી શકાય તથા તેવા અનુમાનોનું ખંડન કરવા માટે પુરાવાનો બોજો કોના ઉપર છે અને તે કેવી રીતે ખંડન કરી શકાય તે પ્રશ્ન ઉપસ્થિત થાય છે જેના અનુસંધાને **હીતેન પી.દલાલ–વિ.–બતીન્દ્ર બેનર્જીનાથ, એ.આઈ.આર. ૨૦૦૧ – ૩૮૯૭** નો નામદાર સર્વોચ્ચ અદાલતનો એક ચુકાદો આ કામે રીફર કરવો જરૂરી જણાતો હોય તે રીફર કરેલ છે જે નીચે મુજબ છે.

" That a mere plausible explanation given by the accused is not enough to rebut the presumption and the accused has to necessarily disprove the prosecution case by leading cogent evidence that he had no debt or liability to issue the said cheque. "

1 (CRL.REV.P., 1246 of 2019)

(૨૮) આ કામે ફરીયાદ પક્ષે રજુ થયેલ રેકર્ડ પરના તમામ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેવામાં આવે તો, ફરીયાદીએ પોતાનું સરતપાસનું સોગંદનામું આંક–૦૪ થી રજુ કરેલ છે. જેમાં, ફરીયાદીએ ફરીયાદની હકીકતોને સમર્થન આપતી જુબાની પુરી પાડેલ છે.જયારે,આરોપીના વિ. વકીલ શ્રીએ સદર ફરીયાદી સાહેદની ઉલટતપાસ કરેલ છે. આરોપી પક્ષે ફરીયાદી સાહેદની વિશ્વસનીયતાનું ખંડન કરવાનો સહેજપણ પ્રયાસ કરેલ નથી. આ ઉપરાંત, ફરીયાદ પક્ષ તરફથી ઉપર દર્શાવેલ આંક–૦૯ થી આંક–૧૭ સુધીના તેમજ આક:૨૩ થી આક:૨૬ સુધીના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા છે. આ સિવાય ફરીયાદ પક્ષ તરફથી અન્ય કોઈ મૌખીક કે દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ નથી.

(૨૯) આ તબકકે કોર્ટને ફકત ચેક પરત ફર્યા અંગેની ખાતરી કરવી જરૂરી છે અને એ જોવાનું છે કે, આરોપી ઘ્વારા ફરીયાદીને આપેલ ચેક કાયદેસરના લ્હેણા પેટેનો છે કે કેમ ? અને સદર ચેક કાયદેસરના લ્હેણા પેટેનો હોય તે અંગેનું અનુમાન કાયદાકીય રીતે કરવામાં આવતું હોય છે. જેથી આરોપીએ પોતાનો બચાવ રજુ કરીને સદર અનુમાનનું ખંડન કરવાનું હોય છે અને ચેક અંગેના વ્યવહારની રકમ કેટલી હતી તે બાબત નેગો. ઈ. એ.ક. ૧૩૮ ના કેસમાં જોવાની હોતી નથી.

(૩૦) નેગો. ઈ. એ. ક. ૧૩૮ મુજબ કાયદાનો ઉદ્દેશ લોકોમાં ફાયનાન્સીયલ માર્કેટમાં સદર નેગો.ઈન્સ્ટ્રુમેન્ટનું સરકયુલેશન સરળતાથી થાય એ છે અને તે માટે લોકોમાં વિશ્વાસ બની રહે અને સદર કાયદાનો હેતુ જળવાઈ રહે તે માટે નેગો. ઈન્સ્ટ્રુમેન્ટમાં કાયદાકીય જોગવાઈ કરવામાં આવેલ છે અને તેની સાથે સજાની જોગવાઈ પણ જોડેલ છે. આ કાયદો પબ્લીક પોલીસીના સીધ્ધાંત ઉપર મુખ્યત્વે આધારીત છે. જેથી આ કાયદો ચેક લેનારની તરફેણમાં કાયદેસરનું લ્હેણું હોવાનું તથા ચેક

આપનારે પોતાનો ચેક ફરીયાદીને કાયદેસરના લ્હેણા પેટે આપેલ હોય તે અંગેનું અનુમાન કરે છે. જયારે કાયદો ચેક આપનારે પોતાનો ચેક કાયદેસરના લ્હેણા પેટે આપેલ હોવાનું અનુમાન કરતો હોય ત્યારે તે વ્યકિત એટલે કે ચેક લેનાર પોતાનો કેસ એટલે કે લ્હેણું પુરવાર કરવાના બોજાથી મુકત થઈ જાય છે અને બોજો સામેની વ્યકિત પર એટલે કે ચેક આપનાર ઉપર ઢળી જાય છે અને બીજા પક્ષકારે એટલે કે ચેક આપનારે તેના ઉપર આવેલ બોજાને હટાવવાની જવાબદારી ઉભી થાય છે અને પોતાને નિર્દોષ સાબિત કરવા માટે પુરાવો રજુ કરવાનો હોય છે.નેગો.ઈ.એ.ક. ૧૧૮ અને ૧૩૯ ને એક સાથે સાંકળીને વાંચીએ તો આ કાયદો આરોપી ઉપર આરોપી ધ્વારા પોતાનો ચેક કોઈ કાયદેસરના લ્હેણા પેટ આપવામાં આવેલ નથી તે હકીકત સાબિત કરવાનો બોજો આરોપી ઉપર મુકેલ છે. આરોપી ઉપર મુકેલ બોજાના સંદર્ભે પ્રુફ પ્રીપોન્ડેરન્સ ઓફ પ્રોબેબીલીટી નું હોય છે એટલે કે આરોપી તે બોજો રેકર્ડ ઉપર આવેલ કોઈ હકીકતથી કે બીજા કોઈ સમર્થનકારી પુરાવા કોર્ટ સમક્ષ રજુ કરીને ડીસ્ચાર્જ કરી શકે છે. જયારે ફરીયાદીએ પોતાના કેસની હકીકતો મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓ થી સાબિત કરેલ છે જેથી આરોપી ઉપર પોતાનો કેસ નાસાબિત કરવાનો બોજો શીફ્ટ થયેલ છે.***(Bharat Barrel & Drum Manufacture Co. Vs. Amin Chand Pyarelal (1999) 3 SCC 3S and M.S. Narayan Menon Vs. State of Kerala (2006) 6 SCC 39 relied upon*)**

(૩૧) આમ, ઉપરોકત ચર્ચા કરેલ પુરાવાઓનું મુલ્યાંકન તથા ફરીયાદી તરફેની દલીલો પર આધાર રાખીને એ હકીકત નિ:શંકપણે પુરવાર થાય છે કે, ફરીયાદીએ પોતાનો કેસ પુરવાર કરેલ છે તથા આ કામે આરોપી વિરુધ્ધ ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૧૮ તથા ૧૩૯ હેઠળ કરવામાં આવતા અનુમાનોનું ખંડન આરોપી કરી શકેલ નથી.આરોપી તર્ફે વિ. વકિલશ્રીએ દલીલો રજૂ કરવામાં આવેલ

છે જે ધ્યાને વંચાણે લઈ આરોપીને છોડી મુકવા આરોપીના વિ. વકીલશ્રીએ દલીલ કરેલ છે પરંતુ રજૂ કરેલ ઉલટતપાસની જેમજ પોતાની દલીલોની હકીકતો રજૂ કરેલ હોવાનુ સ્પષ્ટ જણાઈ આવે છે જેથી દલીલોમાં પણ કોઈ ઠોસ હકીકતો આરોપી તરફે કઢાવી શકેલ નથી.**આ સાહેદની ઉલટતપાસ જોતાં તેઓએ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે, ટેકૂટરની નેકેટ કીંમત , વીમા પાસીગ તથા એસેસરીઝ સાથેની કુલ કીમત રૂા. ૬,૫૫,૦૦૦/–પુરાની થાય છે તેમજ પરમાર કાંતીજી બાદરજીના જુના ટ્રેકટરની કીમત રૂા. ૧,૦૦,૦૦૦/– ગણેલી તેમજ પરમાર કાતીજી બાદરજીએ તેમની આદર્શ ટેકૂટર પેઢીને તા. ૭/૧૧/૧૯ ના રોજ રૂા.૫,૧૩,૫૫૦/– ચૂકવેલા તેમજ તા. ૨૪/૬/૨૦ ના રોજ રૂા. ૨૦,૦૦૦/– રોકડા ચૂકવી આપેલા તેમજ ઉપર મુજબની ત્રણેય રકમ ટેકૂરટની નેકેટ કીમત રૂા. ૬,૫૫,૦૦૦/– માંથી બાદ કરતાં રૂા. ૨૧ ,૦૦૦/– લેવાના રહે છે તેમજફરીયાદી સ્વેચ્છાએ જણાવે છે કે, રૂા. ૧,૧૦,૦૦૦/– નુ રોટાવેટર સાથે આપેલ છે અને ટોટલમાંથી રૂા. ૧૫,૦૦૦/– સ્પેશીયલ ડીસ્કાઉન્ટ આપેલ છે અને ટોટલ રૂા. ૧,૨૫,૦૦૦/–લેવાના નીકળે છે તે તમામ હકીકતોનો સ્વીકાર કરેલ છે. આરોપી તરફે આંક: ૫૩ થી લેખીત દલીલો રજૂ કરેલ છે. જે ધ્યાને વંચાણે લીધી. જે દલીલો વંચાણેલેતાં તેમજ ફરીયાદ પક્ષનો કેસ ધ્યાને વંચાણે લેતાં સદર કરેલ દલીલો માનવાલાયક જણાતી નથી. જયારે ફરીયાદ પક્ષે ગીરીશભાઈ નટવરભાઈ પટેલ વિ. સ્ટેટ ઓફ ગુજરાત અને અન્ય નો ચૂકાદો રજૂ કરેલ છે. તે ચૂકાદો ફરીયાદ પક્ષને મદદરૂપ થાય તેવો ચૂકાદો રજૂ કરેલ છે. અને તે ફરીયાદ પક્ષને લાગૂ પાડી શકાય તેમ છે.**આમ, હાલના કેસમાં રેકર્ડપરના પુરાવાઓ, બચાવ પક્ષ તરફે લીધેલ ઉલટતપાસને ધ્યાને લેતાં એમ નિ:શંકપણે પુરવાર થાય છે કે આરોપીએ ઘી

નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો ગુન્હો કરેલ છે. આમ ઉપરોકત ચર્ચાના આધારે મુદ્દા નં.૧ નો નિર્ણય હકારાત્મક ઠરાવવામાં આવેછે અને આરોપીને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ હેઠળના ગુના માટે તકસીરવાન ઠરાવવામાં આવે છે. સબબ આ કામ આરોપી–૧ ને સજા અંગે સાંભળવા માટે મુલત્વી રાખવા હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ **તારીખ:પાંચમી, માહે–માર્ચ,**સને : **૨૦૨૫** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી સહી કરી જાહેર કરવામાં આવે છે.

તારીખ : ૦૫ –૦૩–૨૦૨૫
મુકામ: મોડાસા.

(પુજા સુરાણા)
જજ કોડ નં. જી.જે. ૦૧૪૨૮
બીજા એડી. જયુડી.મેજી.ફ.ક.,
મોડાસા., જી.અરવલ્લી.

.

(૩૨) આ કામે ફરીયાદીના વિ.વકીલશ્રીને સાંભળ્યા. ફરીયાદીના વિ.વકીલ શ્રીએ દલીલ કરેલ છે કે, આરોપીએ ફરીયાદીને ખોટો ચેક આપી ફરીયાદી સાથે છેતરપીંડી કરેલ હોઈ,આરોપીને સખત કેદની સજા કરી, ફરીયાદીને ચેકની રકમ વળતર તરીકે અપાવવા અરજ ગુજારેલ છે.

(૩૩) આ કામે આજરોજ આરોપીનો પોકાર કરતાં,કરાવતાં આરોપી નામ.કોર્ટ સમક્ષ હાજર થયેલા છે તેમજ આરોપી/બચાવ પક્ષના વિ.વકીલશ્રીને સજા અંગે દલીલો કરવા માટે પોકાર કરતાં, કરાવતાં તેઓ નામ.કોર્ટ સમક્ષ હાજર થયેલા છે. અને આરોપી તરફે દયા કરવા અરજ કરેલ છે. આમ,બન્ને પક્ષોની રજુઆત ધ્યાને લઈ આરોપીને સજા અંગે ન્યાયના હિતમાં મુદા નં.ર અંગે આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

(૩૪) **–:: આ ખ રી હુ ક મ ::–**

૧. ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૫(૨) નાં પ્રબંધો અનુસાર આ કામનાં આરોપી નં.(૧)પરમાર રમણભાઈ બાદરજી ઉર્ફે બાદરભાઈનાઓને ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનાં ગુન્હામાં તકસીરવાર ઠરાવી,૧(એક) વર્ષની સાદી કેદની સજા ફરમાવવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આરોપી નં.૧ નાઓએ ક્રિ.પ્રો.કોડની કલમ–૩૫૭ અન્વયે ફરીયાદીને રૂા. ૧,૨૫,૦૦૦/–(અંકે રૂપીયા એક લાખ,પચીસ હજાર) પુરા વળતર પેટે ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.જો આરોપી નં.૧ વળતરની રકમ હુકમની તારીખથી દિન–૩૦ માં આ અદાલતમાં જમા કરાવવામાં નિષ્ફળ જાય તો, આરોપી નં.૧ નાઓએ વધુ ૬ (છ) માસની સાદી કેદની સજા ભોગવવી તેવો હુકમ કરવામાં આવે છે.

૩. આ ચુકાદાની નકલ આરોપી નં.–૧ નાઓને વિના મુલ્યે પુરી પાડવી.

આ હુકમ આજરોજ **તારીખ:પાંચમી, માહે–માર્ચ,** સને : **૨૦૨૫** નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી સહી કરી જાહેર કરવામાં આવે છે.

મુ. મોડાસા.
તારીખ:૦૫/૦૩ /૨૦૨૫.

(પૂજા સુરાણા)
જજ કોડ નં.જી.જે.૦૧૪૨૮
બીજા એડી. સીવીલ જજ અને
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક.,
મોડાસા.

જે.આર.રાઠોડ,પી.એ.